163. હિંદુ મેરેજ એક્ટ, 1955 મુજબ છુટાછેડા માટેના હુકમનામાથી લગ્નવિચ્છેદ થયેલ હોય અને આ હુકમનામા સામે અપીલ ન થયેલ હોય તથા અપીલ કરવાની મુદત વીતી ગઈ હોય કે અપીલ કરેલ હોય અને અદાલતે ગુણદોષ પર કાઢી નાખેલ હોય તો આ લગ્નના કોઈ પણ પક્ષકાર ..........

(A) 6 માસ સુધી પુનઃલગ્ન કરી ન શકે.

(B) પુનઃલગ્ન કરે તો તે કાયદેસર ગણાશે.

(C) પુનઃલગ્ન કરે તો 2 વર્ષ સુધી અનિમિયત ગણાશે.

(D) જે અદાલતે છુટાછેડા માટેનું હુકમનામું પસાર કરેલ હોય તેની પરવાનગી વિના પુનઃલગ્ન કરી ન શકે.

164. હિંદુ મેરેજ એક્ટ, 1955 મુજબ દ્વીપત્નીત્વ અથવા દ્વીપતિત્વ માટેની શિક્ષા નીચે પૈકી કઈ જોગવાઈઓ પ્રમાણે છે ?

(A) ભારતીય ફોજદારી ધારાની કલમ 253-254

(B) ભારતીય ફોજદારી ધારાની કલમ 360-361

(C) ભારતીય ફોજદારી ધારાની કલમ 494-495

(D) ભારતીય ફોજદારી ધારાની કલમ 503-504

165. હિંદુ મેરેજ એક્ટ, 1955 હેઠળ લગ્નના પક્ષકારો સપિંડ હોય અને તેઓ પૈકી દરેકને લાગુ પડતા રીવાજ અથવા પ્રથાથી તેઓ બંનેને લગ્નની છૂટ હોય નહિ તેવા પ્રસંગે આવા પક્ષકારોના વિધિસર લગ્ન કરાવે તેવી દરેક વ્યક્તિ નીચે પૈકી કઈ સજાને પાત્ર ઠરશે ?

(A) 1 માસ સુધીની સાદી કેદ અથવા રૂ. 1,000 સુધીનોદંડ અથવા બંને

(B) 3 માસ સુધીની સાદી કેદ અથવા રૂ. 3,000 સુધીનો દંડ અથવા બંને

(C) 6 માસ સુધીની સાદી કેદ અથવા રૂ. 5,000 સુધીનોદંડ અથવા બંને

(D) 6 માસ સુધીની સાદી કેદ અથવા રૂ. 10,000 સુધીનો દંડ અથવા બંને

166. સ્પેશિયલ મેરેજ એક્ટ, 1954 મુજબ "પૂર્વજ" (ancestro)માં નીચે પૈકી કોનો સમાવેશ થાય છે?

(A) પિતાનો

(B) માતાનો

(C) માતા-પિતા બંનેનો

(D) માતા-પિતા પૈકી કોઈ નહિ

167. સ્પેશિયલ મેરેજ એક્ટ, 1954 મુજબ રાજ્યસરકાર, રાજ્ય કે તેના કોઈ ભાગ માટે કેટલા લગ્ન અધિકારીઓ નીમી શકશે ?

(A) એક અથવા વધુ

(B) ત્રણ અથવા વધુ

(C) પાંચ અથવા વધુ

(D) રાજ્યસરકાર પાસે સત્તા નથી

168. સ્પેશિયલ મેરેજ એક્ટ, 1954 મુજબ લગ્નના પક્ષકારોએ કોની હાજરીમાં કોઈ પણ ભાષામાં એકબીજાને પોતાના કાયદેસરના પતિ (કે પત્ની)નો સંબંધ રાખવાનું જણાવેલ હોય તો જ આવા લગ્ન સંપૂર્ણ અને પક્ષકારોને બંધનકર્તા ગણાશે ?

(A) બંને પક્ષકારોના બે-બે સગા કે મિત્ર સાક્ષી તરીકે હોય તેમની હાજરીમાં

(B) ઓછામાં ઓછા ચાર સ્વાંતત્ર્ય સાક્ષીની હાજરીમાં

(C) માત્ર લગ્ન અધિકારીની હાજરીમાં

(D) લગ્ન અધિકારી અને ત્રણ શક્ષીની હાજરીમાં

169. સ્પેશિયલ મેરેજ એક્ટ, 1954ની કલમ 27 હેઠળ પતિ-પત્ની નીચે પૈકી કયા કારણોસર છુટાછેડા માટેની અરજી કરી શકશે ?

(A) પ્રતિવાદી સ્થિર અથવા સાધારણ મગજ ધરાવતો હોય

(B) પ્રતિવાદી ભારતીય ફોજદારી ધારા મુજબ કોઈ ગુના માટે 6 માસની કે વધુકેદની સજાનો આરોપી હોય

(C) સ્વેચ્છાથી પ્રતિવાદીએ વ્યભિચાર કર્યો હોય

(D) પ્રતિવાદી અસ્થમાની બીમારીથી પીડાતો હોય

170. સ્પેશિયલ મેરેજ એક્ટ, 1954 ની કલમ 13 પ્રમાણે મેળવવાના "લગ્નના પ્રમાણપત્ર"નો નમૂનો ક્યાં પરિશિષ્ઠમાં આપેલ છે ?

(A) ત્રીજા પરિશિષ્ઠમાં
(B) ચોથા પરિશિષ્ઠમાં
(C) પાંચમાં પરિશિષ્ઠમાં
(D) બીજા પરિશિષ્ઠમાં

171. અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, 1956બાબતની જોગવાઈઓ તા.09.05.1950ના રોજ નીચે પૈકી કયા આંતરરાષ્ટ્રીય કરાર અન્વયે કરવામાં આવેલ છે ?

(A) જીનીવા
(B) વિયેના(ઓસ્ટ્રેલીયા)
(C) ન્યુયોર્ક
(D) વર્જીનીયા

172. અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, 1956 મુજબ "વેશ્યાગૃહ"માં નીચેના પૈકી કયા સ્થળનો સમાવેશ થાય છે ?

(A) ઓરડી
(B) ઘરનું રસોડું
(C) વાહન
(D) ઉપરોક્ત તમામ

173. અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, 1956 અન્વયે કોઈપણ જગ્યાનો માલિક તે જગ્યાનો વેશ્યાવૃત્તિ માટે ઉપયોગ થવાનો છે તેવું જાણતા હોવા સાથે જગ્યા ભાડે આપે ત્યારે નીચે પૈકી કઈ સજાને માટે પ્રથમ વખતના ગુના માટે જવાબદાર થશે ?

(A) એક માસ સુધીની કેદ અને 200 રૂપિયા સુધીનોદંડ
(B) બે વર્ષ સુધીની કેદ અને 2000 રૂપિયા સુધીનોદંડ
(C) છ માસ સુધીની કેદ અને 500 રૂપિયા સુધીનો દંડ
(D) એક વર્ષ સુધીનીકેદ અને 500 રૂપિયા સુધીનોદંડ

174. અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, 1956ની કલમ 18 મુજબ કોઈ જાહેર જગ્યાએથી કેટલા મીટરના અંતરની અંદર કોઈ વેશ્યાગૃહ ચલાવવા માટે મેજિસ્ટ્રેટ કારણદર્શક નોટીસ મકાન માલિકને આપી શકશે ?

(A) 200 મીટર
(B) 300 મીટર
(C) 500 મીટર
(D) 800 મીટર

175. અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, 1956ની કલમ 18(1) કે 18(2) હેઠળ વેશ્યાગૃહો બંધ કરવા અને જગ્યામાંથી ગુનેગારોને ખાલી કરાવવા બાબતે મેજિસ્ટ્રેટ અથવા ન્યાયાલયે કરેલ યોગ્ય હુકમો વિરુદ્ધમાં અપીલ કેટલા સમયમાં કરી શકાય ?

(A) સાત દિવસ માં
(B) પંદર દિવસ માં
(C) ત્રીસ દિવસ માં
(D) હુકમો અપીલને પાત્ર નથી

176. અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, 1956 અન્વયે "દુર્વ્યાપાર પોલીસ અધિકારી" (Trafficking Police Officer) એટલે .......... .

(A) ઉપરોક્ત કાયદાની કલમ 7(5) મુજબ ખાસ પોલીસ અધિકારી
(B) ઉપરોક્ત કાયદાની કલમ 11(3) મુજબ રાજ્ય સરકારે નીમેલા પોલીસ અધિકારી
(C) ઉપરોક્ત કાયદાની કલમ 13(4) મુજબ કેન્દ્ર સરકારે નીમેલા પોલીસ અધિકારી
(D) ઉપરોક્ત પૈકી તમામ

177. અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, 1956 અન્વયે કોઈ પુખ્ત વ્યક્તિના નીચે પૈકીના કયા વર્તન દ્વારા તેવું માની જ લેવામાં આવશે કે તે અન્ય વ્યક્તિની વેશ્યાવૃત્તિની આવક ઉપર ગુજરાન ચલાવે છે ?

(A) વેશ્યાની સાથે રહેવાથી
(B) વેશ્યાવૃત્તી માટે ફરજ પડવાથી
(C) વેશ્યાવૃત્તિ માટે ગ્રાહક મેળવી આપવાનું કામ કરવાથી
(D) ઉપરોક્ત પૈકી તમામ વર્તનથી

178. અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, 1956 હેઠળ પોલીસ અધિકારી કલમ 15 મુજબ વિના વોરંટે ઝડતીમાં હાજર રહેવા, સાક્ષી બનવા લેખિતમાં હુકમ પહોંચાડીને કોઈપણ વ્યક્તિને ફરમાન કરે છતાં પણ વ્યાજબી કારણ વગર આવી વ્યક્તિ તેમ કરવાની ના પડે અથવા બેદરકારી દાખવે તો તેણે નીચે પૈકી કઈ કલમ હેઠળ ગુનો કર્યો છે એમ ગણાશે ?

(A) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860ની કલમ 187

(B) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860ની કલમ 198

(C) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860ની કલમ 218

(D) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860ની કલમ 237

179. અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, 1956ના અમલને લગતા અગત્યના પ્રશ્નો પરત્વે તથા ખાસ પોલીસ અધિકારીને સલાહ આપવા માટે રાજ્યસરકાર વધુમાં વધુ કેટલા અગ્રગણ્ય સમાજિક કાર્યકરોના બનેલા એક બિન-સરકારી સલાહકાર મંડળનો સહયોગ લઈ શકશે ?

(A) ત્રણ સભ્યોના

(B) પાંચ સભ્યોના

(C) છ સભ્યોના

(D) દસ સભ્યોના

180. અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, 1956 હેઠળ રાજ્યસરકાર કોઈ એક જિલ્લામાં કેટલા સંરક્ષણ ગૃહો અને સુધારણા સંસ્થાઓ સ્થાપી શકશે ?

(A) ત્રણ

(B) પાંચ

(C) કેન્દ્ર સરકાર પરવાનગી આપે તેટલા

(D) રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેટલા

181. અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, 1956 હેઠળ કોઈ સ્ત્રી, આ કાયદાની કલમ 8 મુજબ વેશ્યાવૃત્તિના હેતુ માટે જાહેર સ્થળથી પસાર થતી વ્યક્તિઓને અડચણરૂપ કે ત્રાસરૂપ થાય અગર જાહેર શિષ્ટતા વિરુદ્ધનું કાર્ય કરે તો તે પ્રથમ ગુના માટે નીચેના પૈકી કઈ સજાને પાત્ર બનશે ?

(A) એક માસ સુધીની કેદ અથવા રૂ. 500 સુધીનો દંડ અથવા બંને

(B) ત્રણ માસ સુધીની કેદ અથવા રૂ. 1000 સુધીનો દંડ અથવા બંને

(C) છ માસ સુધીની કેદ અથવા રૂ. 5000 સુધીનો દંડ અથવા બંને

(D) એક વર્ષ સુધીની કેદ અથવા રૂ. 10,000 સુધીનો દંડ અથવા બંને

182. અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, 1956 અન્વયે કેન્દ્ર સરકાર આ કાયદા હેઠળના ગુનાઓની ઝડપી ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે નીચેના પૈકી કોની સાથે મસલત કર્યા બાદ જાહેરનામાથી આ કાયદા હેઠળના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે એક કે વધુ રાજ્યોમાં એક કે તેથી વધારે જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કે મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટની અદાલતોની રચના કરી શકે ?

(A) કેન્દ્રીય કાયદા પ્રધાન સાથે

(B) સર્વોચ્ચ અદાલત સાથે

(C) જે તે રાજ્યની વડી અદાલતસાથે

(D) જે તે રાજ્યના કાયદા પ્રધાન સાથે

183. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, 2012 અન્વયે કોઈ વસ્તુ અથવા શરીરનો કોઈ ભાગ કે જે લિંગ નથી તેને કોઈપણ સીમા સુધી બાળકના યોનિમાર્ગ કે ગુદામાં દાખલ કરવું તે ..........

(A) પ્રવેશ જાતીય હુમલો છે.

(B) જાતીય છેડછાડ છે.

(C) શારીરિક છેડછાડ છે.

(D) સ્વૈચ્છિક રીતે કરેલ સામાન્ય ઈજા છે.

184. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, 2012 હેઠળ "ગંભીર પ્રવેશ જાતીય હુમલા"ના ગુના માટે નીચેના પૈકી કઈ સજાની જોગવાઈ છે ?

(A) 7 વર્ષથી ઓછી નહી તેવી પરંતુ 14 વર્ષની કેદ સુધી લંબાવી શકાય તેવી સખત કેદ અને દંડ

(B) 10 વર્ષથી ઓછી નહી તેવી પરંતુ આજીવન કેદ સુધી લંબાવી શકાય તેવી સખત કેદ અને દંડ

(C) 5 વર્ષથી ઓછી નહી તેવી પરંતુ 10 વર્ષની કેદ સુધી લંબાવી શકાય તેવી સખત કેદ અને દંડ

(D) દેહાંત દંડ કે આજીવન કારાવાસની સજા

185. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, 2012 અન્વયે જો કોઈ વ્યક્તિ જાતીય ઈરાદાથી જો બાળકની યોની કે લિંગનો સ્પર્શ કરે કે અન્ય વ્યક્તિની યોની કે લિંગનો સ્પર્શ બાળક દ્વારા કરાવે તો કસુરવાર વ્યક્તિને નીચેના પૈકી કઈ સજા થશે ?

(A) એક વર્ષ સુધીની સખત કેદ અને દંડ

(B) બેમાંથી ગમે તે પ્રકારની ત્રણ વર્ષથી ઓછી નહી અને પાંચ વર્ષ સુધીની કેદની સજા અને દંડ

(C) બેમાંથી ગમે તે પ્રકારની સાત વર્ષથી ઓછી નહી અને દસ વર્ષ સુધીની કેદની સજા અને દંડ

(D) દસ વર્ષ સુધીની સખત કેદની સજા અને દંડ

186. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, 2012 અન્વયે ગંભીર જાતીય હુમલામાં નીચે પૈકી શેનો સમાવેશ થાય છે ?

(A) જાતીય ઈરાદાથી કોઈ બાળકના સ્તનને અડપલા

(B) જાતીય ઈરાદાથી કોઈ બાળક પાસે અન્ય વ્યક્તિના લિંગ કે યોનીનો સ્પર્શ કરાવવો

(C) જાતીય ઈરાદાથી કોઈ બાળકના લિંગ કે ગુદાનો સ્પર્શ

(D) કર્મચારી દ્વારા દવાખાનામાં બાળક ઉપર જાતીય હુમલો

187. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, 2012ની કલમ 24 મુજબ બાળકોના નિવેદનની નોંધણી માટે નીચે પૈકી કઈ બાબતનું પાલન આવશ્યક નથી ?

(A) બાળકનું નિવેદન તેના ઘરમાં લેવું.

(B) પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેથી ઉપરના અધિકારી દ્વારા જ લેવું.

(C) પોલીસ અધિકારી પોલીસ યુનિફોર્મમાં ન હોવા જોઈએ.

(D) બાળકના નિવેદન વખતે તેનાં માતા, પિતા કે વાલીને સાથે રાખવા.

188. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, 2012મુજબ ખાસ સરકારી વકીલની નિમણુંક કોના દ્વારા કરવામાં આવશે ?

(A) મુખ્ય ન્યાયાધીશ

(B) પોલીસ મહાનિર્દેશક

(C) રાજ્ય સરકાર

(D) કેન્દ્ર સરકાર

189. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, 2012ની કલમ 3, 5, 7 અને 9 હેઠળ થયેલ ગુનાઓ, તેનાં દુષ્પ્રેરણ કે પ્રયત્નની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન સ્પેશિયલ કોર્ટ, જ્યાં સુધી વિરુદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી એમ જ માનશે કે .....

(A) આરોપીએ આ કાયદાની જોગવાઈઓ હેઠળ ગુનો કરેલ છે કે દુષ્પ્રેરણ કરેલ છે કે તેનો પ્રયત્ન કરેલ છે.

(B) આરોપી નિર્દોષ જ છે.

(C) ગુનાનો ભોગ બનનારની રજૂઆત ખોટી છે.

(D) કોઈ જ અનુમાન કરશે નહી.

190. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, 2012 મુજબના કોઈ પણ પીડિત બાળકના વાલી, વકીલ રોકવા સક્ષમ ન હોય ત્યારે તેઓને પસંદગીનાં વકીલ રોકવાની વ્યવસ્થા કોણ કરી આપશે ?

(A) કાનૂની સેવા સત્તા મંડળ
(B) બાળ સંરક્ષણ વિભાગ
(C) પોલીસ મહાનિર્દેશક
(D) જે તે અદાલતની સરકારી વકીલની કચેરી

191. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, 2012 અન્વયે કોઈ વ્યક્તિ કોઈ બાળક ઉપર પ્રવેશ જાતીય હુમલો કરે અને બાળકને જાહેરમાં નિર્વસ્ત્ર કરી તેનું પ્રદર્શન કરે તો તે કેવો હુમલો ગણાશે ?

(A) જાતીય હુમલો
(B) પ્રવેશ જાતીય હુમલો
(C) ગંભીર પ્રવેશ જાતીય હુમલો
(D) પ્રદર્શિત જાતીય હુમલો

192. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, 2012 અન્વયે કોઈ વ્યક્તિ કલમ 3, 5, 7 અને 9 હેઠળના ગુનાઓ સંબંધી કોઈ સામે ખોટી ફરિયાદ કરે તેનો ઈરાદો બદનક્ષીનો હોય તો નીચે પૈકી કઈ સજાને પાત્ર ઠરશે ?

(A) 3 માસ સુધીની કેદ અથવા દંડ અથવા બંને.
(B) 6 માસ સુધીની કેદ અથવા દંડ અથવા બંને
(C) 1 વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને
(D) 3 વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને

193. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, 2012 અન્વયે બાળકની મેડીકલ તપાસમાં માતા-પિતાકે અન્ય વ્યક્તિ જેમાં બાળકને વિશ્વાસ હોય, તે પૈકી કોઈ પણ વ્યક્તિ કોઈ કારણસર હાજર ન રહી શકે તો આવી તપાસ કોની હાજરીમાં કરવામાં આવશે ?

(A) બાળ સંરક્ષણ અધિકારીની
(B) તબીબી સંસ્થાનના પ્રમુખની
(C) તબીબી સંસ્થાનનાં પ્રમુખ દ્વારા નિર્દિષ્ટ કરાયેલ મહિલાની
(D) જિલ્લા મેજિસ્ટ્રેટની

194. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, 2012 અન્વયે જો બદલ શારીરિક તથા માનસિક રીતે સક્ષમ ન હોય ત્યારે અદાલત બાળકની જુબાનીની નોંધણી કરવા માટે નીચે પૈકી કોની સહાયતા લઈ શકાશે ?

(A) દુભાષિયા
(B) બાળ કલ્યાણ અધિકારી
(C) ખાસ શિક્ષક
(D) વકીલ

195. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ હેઠળનાં નિયમો, 2012 મુજબ ખાસ જુવેનાઈલ પોલીસ યુનીટને ગુનાની માહિતી મળે અને પીડિત બાળક સહાયતા વગરનો હોય તો તે બાળકને કોના સમક્ષ રજુ કરશે ?

(A) બાળ સંરક્ષણ સંસ્થા
(B) બાળ કલ્યાણ સમિતિ
(C) ન્યાયાધીશ
(D) પ્રોબેશન ઓફિસર

196. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ હેઠળનાં નિયમો, 2012 મુજબ ઈન્સાફી પ્રક્રિયાના માધ્યમથી બાળકની સહાયતા માટે "સહાયક વ્યક્તિ" નીચે પૈકી કોના દ્વારા નીમવામાં આવશે ?

(A) એવી કોઈ વ્યક્તિ કે સંસ્થા જે બાળ અધિકાર કે બાળ સંરક્ષણના ક્ષેત્રમાં કામ કરતી હોય
(B) બાળ ગૃહના કે આશ્રય ગૃહના અધિકારી
(C) જિલ્લા બાળ પોલીસ એકમ (DCPU) દ્વારા નિયુક્ત અધિકારી
(D) ઉપરોક્ત પૈકી કોઈ પણ

197. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ હેઠળનાં નિયમો, 2012 અન્વયે કોઈ બાળકની તત્કાલીન તબીબી દેખરેખ કે તપાસ કે સારવાર કરનાર તબીબી વ્યવસાયી સારવાર પૂર્વે રજુ કરવાના નીચે પૈકી કયા દસ્તાવેજોની માંગણી કરી શકશે ?

(A) ફરિયાદની નકલ
(B) મેજિસ્ટ્રેટનો ઓર્ડર
(C) પોલીસ રિપોર્ટ
(D) ઉપરોક્ત પૈકી કોઈપણ નહિ.

198. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ હેઠળનાં નિયમો, 2012 અન્વયે ચાઈલ્ડ વેલફેર કમીટીની સત્તા હેઠળ આવનાર બાળકનાં જાતીય દુરુપયોગ અંગેના કોઈપણ કેસનો રીપોર્ટ નીચે પૈકી કોણ માંગી શકશે ?

(A) રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ એકમ (NCPCR)

(B) જિલ્લા બાળ પોલીસ એકમ (DCPU)

(C) સ્પેશિયલ જુવેનાઈલ પોલીસ યુનીટ (SJPU)

(D) જિલ્લા મેજીસ્ટ્રેટ

199. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ હેઠળનાં નિયમો, 2012 મુજબ વિશેષ અદાલતે આપેલ વળતરના આદેશોની ચુકવણી રાજ્યસરકાર દ્વારા નીચે પૈકી કેટલા સમયમાં કરવામાં આવશે ?

(A) 30 દિવસમાં

(B) 45 દિવસમાં

(C) 60 દિવસમાં

(D) 90 દિવસમાં

200. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 મુજબ "ઘરેલું કામદાર"માં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) મહેનતાણામાટે કોઈ મકાનમાં હંગામી ધોરણે કામ કરતી સ્ત્રી

(B) પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંસ્થા દ્વારા કાયમી રીતે કામ કરતી સ્ત્રી

(C) નોકરીએ રાખનારનાં કુટુંબના કોઈ સભ્ય

(D) ઉપરોક્ત પૈકી તમામ

201. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 મુજબ જાતીય સતામણીમાં નીચે પૈકી કોનો સમાવેશ થાય છે ?

(A) જાતીય પ્રકારનું અનિચ્છનીય શાબ્દિક કૃત્ય

(B) જાતીય પ્રકારનું અનિચ્છનીય બિનશાબ્દિક કૃત્ય

(C) જાતીય પ્રકારનું અનિચ્છનીય શારીરિક કૃત્ય

(D) ઉપરોક્ત પૈકી તમામ

202. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 મુજબ "કામકાજનું સ્થળ"માં નીચે પૈકી કઈ જગ્યાનો સમાવેશ થતો નથી ?

(A) હોસ્પિટલ અથવા નર્સીંગહોમ

(B) કોઈ રહેઠાણનું ઘર અથવા કોઈ મકાન

(C) કોઈ કોર્પોરેશન અથવા સહકારી મંડળી

(D) કર્મચારીનું પોતાનું રહેણાંક મકાન

203. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 મુજબ આંતરિક ફરિયાદ સમિતિની રચના નીચે પૈકી કોના દ્વારા કરવામાં આવશે ?

(A) નોકરીએ રાખનાર માલિક

(B) નોકરીના વિભાગનાં કર્મચારીઓ

(C) રાજ્યસરકારના વિભાગ

(D) જીલ્લા અધિકારી

204. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 અન્વયે આંતરિક ફરિયાદ સમિતિમાં ઓછામાં ઓછા કેટલા ટકા સભ્યો સ્ત્રી હોવા જોઈએ ?

(A) 10%

(B) 30%

(C) 40 %

(D) 50 %

205. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 અન્વયે સ્થાનિક ફરિયાદ સમિતિની રચના નીચે પૈકી કોના દ્વારા કરવી ફરજીયાત છે ?

(A) સ્થાનિક કર્મચારીઓ દ્વારા

(B) સ્થાનિક માલિકો દ્વારા

(C) જીલ્લા અધિકારી દ્વારા

(D) જીલ્લાના ધારાસભ્ય દ્વારા

206. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 અન્વયે જે તે વિસ્તારના તટસ્થ અધિકારીને મળેલ ફરિયાદો સંબંધિત સ્થાનિક ફરિયાદ સમિતિને કેટલા દિવસની અંદર મોકલી આપવાની રહેશે ?

(A) 3 દિવસ
(B) 7 દિવસ
(C) 10 દિવસ
(D) 15 દિવસ

207. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 અન્વયે સ્થાનિક સમિતિની હકુમત નીચે પૈકી કયા વિસ્તાર સુધીની રહેશે ?

(A) ગ્રામ્ય વિસ્તાર
(B) જીલ્લા વિસ્તાર
(C) શહેર વિસ્તાર
(D) રાજ્ય વિસ્તાર

208. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 મુજબ ફરિયાદ બાદ હજુ તપાસ (ઇન્ક્વાયરી) કર્યા પહેલા ભોગ બનનારની વિનંતીથી સામાવાળા સાથે સમાધાનના પ્રયત્નોમાં સમિતિ નીચે પૈકી શું કરી શકશે ?

(A) સમાધાનનો પ્રયત્ન કરી શકશે
(B) નાણાકીય પતાવટ સંદર્ભનું સમાધાન કરી શકશે
(C) યોગ્ય હકુમત ધરાવતી અદાલતમાં નિરાકરણ માટે મોકલશે.
(D) વળતર આપી કેસ અદાલતમાં તબદીલ કરશે.

209. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 મુજબ ભોગબનનાર સ્ત્રીની લેખિતમાં વિનંતી ઉપર તપાસ બાકી હોય તે દરમિયાન સમિતિ નીચે પૈકી કેવા પગલા લેવા માટે માલિકને ભલામણ કરી શકશે ?

(A) ભોગ બનનારને 3 માસ સુધીની રજાની પરવાનગી આપવાની
(B) ભોગ બનનારને હક્ક રજા સિવાયની વધારાની રજાઓ આપવાની
(C) ભોગ બનનારની બદલી કરવાની
(D) ઉપરોક્ત પૈકી તમામ

210. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 મુજબ યથાયોગ્ય પ્રસંગે સર્વિસ નિયમો પ્રસ્તુત ન હોય ત્યારે વ્યથિત થયેલ વ્યક્તિ ભલામણો થયાના નીચે પૈકી કેટલા દિવસમાં અપીલમાં જઇ શકશે ?

(A) 90 દિવસમાં
(B) 60 દિવસમાં
(C) 30 દિવસમાં
(D) 15 દિવસમાં

211. ભારતીય બંધારણનાં કયા અનુચ્છેદ 243 (ZJ) મુજબ સહકારી મંડળીઓમાં બોર્ડમાં સભ્ય તરીકે સ્ત્રીઓ માટે કેટલી બેઠક અનામત રાખવામાં આવશે ?

(A) 1 બેઠક
(B) 2 બેઠક
(C) 3 બેઠક
(D) 5 બેઠક

212. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 અન્વયે અધિનિયમની જોગવાઈઓના પાલનની નિષ્ફળતા કે ઉપેક્ષા બદલ અગર ઉલ્લંઘનની મદદગારી માટે નીચે પૈકી કેટલા દંડની જોગવાઈ છે ?

(A) રૂ. 50,000 સુધીના
(B) રૂ. 20,000 સુધીના
(C) રૂ. 10,000 સુધીના
(D) રૂ. 5,000 સુધીના

213. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013 અન્વયે આંતરિક સમિતિને ફરિયાદ અંગે કલમ 11(3) અંગે તપાસ દરમિયાન દાવો ચલાવતી વખતે નીચે પૈકી કઈ કોર્ટને જે સત્તાઓ પ્રાપ્ત થઈ છે તેવી સત્તાઓ રહેશે ?

(A) સિવિલ કોર્ટ (B) ફોજદારી કોર્ટ

(C) સિવિલ કોર્ટ તથા ફોજદારી કોર્ટ બંને (D) હાઈકોર્ટ

214. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) નિયમો, 2013 મુજબ સ્થાનિક સમિતિના અધ્યક્ષનું સમિતિની કાર્યવાહીઓના આયોજન માટે પ્રતિદિન કેટલું ભથ્થું રહેશે ?

(A) 250 રૂપિયા (B) 500 રૂપિયા

(C) 750 રૂપિયા (D) 1000 રૂપિયા

215. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) નિયમો, 2013 મુજબ વિવાદોનાં પક્ષકારોને ફરિયાદ સમિતિ સમક્ષ કાર્યવાહીમાં પોતાના કેસોનું પ્રતિનિધિત્વ ..........

(A) વકીલ દ્વારા કરી શકશે.

(B) ફરિયાદ સમિતિ દ્વારા પરવાનગી મળ્યેથી જ વકીલ દ્વારા કરી શકશે.

(C) કરવા માટે વકીલ રોકવાની પરવાનગી મળશે નહિ.

(D) માત્ર ફરિયાદીને જ વકીલ રોકવાની પરવાનગી મળશે.

216. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) નિયમો, 2013 મુજબ ફરિયાદમાંના તત્વો અને તપાસના પ્રકાશન અથવા જાહેરાતના ઉલ્લંઘન માટે વ્યક્તિ પાસેથી દંડની રકમ કોણ વસુલ કરી શકશે ?

(A) નોકરી કરનાર સ્ત્રી પીડિત

(B) નોકરી કરનાર સ્ત્રી પીડિતના સગા સબંધીઓ

(C) નોકરીએ રાખનાર - માલિક

(D) ઉપરોક્ત (A) તથા (B)

217. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) નિયમો, 2013 મુજબ વાર્ષિક રીપોર્ટ તૈયાર કરવાની જવાબદારી કોની રહેશે ?

(A) નોકરીએ રાખનાર માલિકની (B) વ્યથિત સ્ત્રી સભ્યની

(C) રાજ્ય સરકારની (D) ફરિયાદ સમિતિની

218. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) નિયમો, 2013 માટે સંબંધિત મુદ્દાઓથી પરિચિત વ્યક્તિની લાયકાત નીચે પૈકી કઈ છે ?

(A) સામાજિકક્ષેત્રનો ઓછામાં ઓછો 3 વર્ષનો અનુભવ ધરાવતો કાર્યકર્તા

(B) સામાજિકક્ષેત્રનો ઓછામાં ઓછો 5 વર્ષનો અનુભવ ધરાવતો કાર્યકર્તા

(C) પોલીસ વિભાગ કે ગૃહ વિભાગમાં ઓછામાં ઓછો 3 વર્ષનો અનુભવ ધરાવતો સબ-ઈન્સ્પેક્ટરથી નીચી પાયરી ન હોય તેવો અધિકારી

(D) પોલીસ વિભાગ કે ગૃહ વિભાગમાં ઓછામાં ઓછો 5 વર્ષનો અનુભવ ધરાવતો સબ-ઈન્સ્પેક્ટરથી નીચી પાયરી ન હોય તેવો અધિકારી

219. કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) નિયમો, 2013 અન્વયે વાર્ષિક રીપોર્ટમાં નીચે પૈકી કઈ વિગતોનો સમાવેશ કરવામાં આવશે નહી ?

(A) વર્ષમાં પ્રાપ્ત થયેલ જાતીય સતામણીની ફરિયાદોની સંખ્યા.

(B) 90 દિવસથી વધુ સમયથી પડતર હોય તેવા કેસોની સંખ્યા.

(C) જાતીય સતામણી સામે કરવામાં આવેલ જાગરૂકતાના કાર્યક્રમોની સંખ્યા

(D) જાતીય સતામણીના ભોગ બનેલ વ્યક્તિઓના નામો

220. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 અન્વયે "ગર્ભ" એટલે શું ?

(A) શિશુના ફલીકરણથી ચાર અઠવાડીયાનાં પુરા થતા દિવસો સુધીનો વિકાસ થયેલ ગર્ભ .

(B) શિશુના ફલીકરણથી આઠ અઠવાડીયાનાં પુરા થતા દિવસો સુધીનો વિકાસ થયેલ ગર્ભ.

(C) શિશુના ફલીકરણથી બાર અઠવાડીયાનાં પુરા થતા દિવસો સુધીનો વિકાસ થયેલ ગર્ભ.

(D) શિશુના ફલીકરણથી સોળ અઠવાડીયાનાં પુરા થતા દિવસો સુધીનો વિકાસ થયેલ ગર્ભ.

221. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 અન્વયે નીચે પૈકી કયા રોગોનાં પરીક્ષણમાં જ પ્રસુતિ પૂર્વેની ગર્ભ પરીક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવશે ?

(A) જન્મજાત અસંગતિઓ

(B) હિમોગ્લોબીન વિકૃતિઓ

(C) જાતીય સહલગ્ન અને આનુવંશિક રોગ

(D) ઉપરોક્ત પૈકી તમામ

222. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 મુજબ "બાયોલોજીકલ સાયન્સમાં અનુસ્નાતકની પદવી ધરાવનાર અને તેનો બે વર્ષનો અનુભવ ધરાવતા વ્યક્તિનો સમાવેશ મેડીકલ જેનેટીસિસ્ટમાં સમાવેશ થતો નથી." – આ વિધાન ..........

(A) ખોટું છે.

(B) સાચું છે.

(C) કાનૂની જોગવાઈને અનુરૂપ છે.

(D) ઉપરોક્ત કાયદામાં સમાવિષ્ટ નથી.

223. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 મુજબ જાતીય નબળાઈ (ઇન્ફર્મીટી)ના નિષ્ણાત અગર નિષ્ણાંતોની ટીમ જાતીય પસંદગી કરવા માટે નીચે પૈકી કયા પર જાતે સંચાલન કરી શકશે નહિ કે અન્ય કોઈ વ્યક્તિ મારફતે સંચાલન કરવામાં સહાયતા કરશે નહી ?

(A) ગર્ભધારણનાં બીજાંકુર

(B) ગર્ભના પ્રવાહી

(C) વિકસિત બીજ

(D) ઉપરોક્ત પૈકી તમામ

224. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 હેઠળ નોંધાયેલ ન હોય તેવી કોઈ પણ વ્યક્તિ કે દવાખાના કે પ્રયોગશાળાને નીચે પૈકી કઈ મેડીકલ મશીનરી વેચવા પર પ્રતિબંધ નથી ?

(A) અલ્ટ્રાસાઉન્ડ મશીનરી

(B) ઇમેજિંગ મશીન

(C) માઈક્રોસ્કોપ મશીન

(D) સોનોગ્રાફી સ્કેનર

225. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 મુજબ "કોઈ પ્રસુતિ પહેલા ગર્ભ પરીક્ષણ કરનાર વ્યક્તિ ઈશારાથી તેણીના પડોશીને ગર્ભની જાતિ બાબત જાણકારી આપે છે." - તો તેણે નીચે પૈકી કઈ કલમ નો ભંગ કર્યો છે ?

(A) કલમ - 4(2)

(B) કલમ - 4(3)

(C) કલમ - 5(2)

(D) કલમ - 5(3)

226. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 મુજબ કેન્દ્રીય સુપરવાઈઝરી બોર્ડમાં નીચે પૈકી કોનો સમાવેશ કરવામાં આવે છે ?

(A) ત્રણ સ્ત્રી સાંસદોનો
(B) હાઈકોર્ટના ન્યાયાધીશ
(C) પ્રતિષ્ઠિત ધારાશાસ્ત્રી
(D) ઉપરોક્ત પૈકી તમામ

227. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 મુજબ કેન્દ્રીય સુપરવાઈઝરી બોર્ડની બેઠક કેટલા સમયાંતરે મળશે ?

(A) દર માસે ઓછામાં ઓછી એક વખત મળશે.
(B) દર ત્રણ માસે ઓછામાં ઓછી એક વખત મળશે.
(C) દર છ માસે ઓછામાં ઓછી એક વખત મળશે.
(D) દર બાર માસે ઓછામાં ઓછી એક વખત મળશે.

228. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 મુજબ કોઈપણ વ્યક્તિ, દવાખાના કે પ્રયોગશાળા પોતે જાતીય પરીક્ષણ કરી આપવા માટે કોઈપણ ને આવું ગેરકાયદેસર કૃત્ય કરવા કે પ્રેરવા માટે જાતીય પરીક્ષણની જાહેરાત ઈન્ટરનેટના માધ્યમથી કરે છે તો નીચે પૈકી કઈ સજાને પાત્ર ઠરશે ?

(A) 6 માસ સુધીની કેદ અને રૂ. 1000 સુધીના દંડની સજા.
(B) 1 વર્ષ સુધીની કેદ અને રૂ. 5000 સુધીના દંડની સજા
(C) 3 વર્ષ સુધીની કેદ અને રૂ. 10,000 સુધીના દંડની સજા
(D) 5 વર્ષ સુધીની કેદ અને રૂ. 25,000 સુધીના દંડની સજા

229. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 મુજબ કેન્દ્રીય સુપરવાઈઝરી બોર્ડનાં રાજ્ય અને સંઘ પ્રદેશનું પ્રતિનિધિત્વ કરતા કેન્દ્ર સરકારે નીમેલ સભ્યોના હોદ્દાની મુદત કેટલી રહેશે ?

(A) 1 વર્ષ
(B) 2 વર્ષ
(C) 3 વર્ષ
(D) 5 વર્ષ

230. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 બાબતે જાતીય પરીક્ષણને લગતા તમામ રેકોર્ડ, ચાર્ટ, ફોર્મ, રીપોર્ટ, સંમતિપત્રો સહિત તમામ દસ્તાવેજો સામાન્ય સંજોગોમાં કેટલી મુદત સુધી જાળવી-સાચવી રાખવા જોઈશે ?

(A) 1 વર્ષ સુધી કે ઠરાવવામાં આવે તેટલી મુદત સુધી
(B) 2 વર્ષ સુધી કે ઠરાવવામાં આવે તેટલી મુદત સુધી
(C) 5 વર્ષ સુધી કે ઠરાવવામાં આવે તેટલી મુદત સુધી
(D) 10 વર્ષ સુધી કે ઠરાવવામાં આવે તેટલી મુદત સુધી

231. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 મુજબ કોઈ સ્ત્રીને કોઈ પુરુષ દ્વારા ગર્ભ જાતીય પરીક્ષણ માટે ફરજ પાડવામાં આવેલ છે તો આવા ગુના માટે નીચે પૈકી કોણ સજાને પાત્ર ઠરશે ?

(A) માત્ર પુરુષ
(B) માત્ર સ્ત્રી
(C) પુરુષ અને તેનાં તમામ સગાઓ
(D) સ્ત્રી અને પુરુષ બંને

232. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 મુજબ આ કાયદાના ભંગની કોઈ નિર્દીષ્ઠ શિક્ષાની જોગવાઈ ન હોય તેવા કિસ્સાઓમાં નીચે પૈકી કઈ સજાની જોગવાઈઓ લાગુ પડે છે ?

(A) 1 માસ સુધીની કેદ અથવા 500 રૂપિયા સુધીનો દંડ અથવા બંને

(B) 3 માસ સુધીની કેદ અથવા 1000 રૂપિયા સુધીનો દંડ અથવા બંને

(C) 6 માસ સુધીની કેદ અથવા 5000 રૂપિયા સુધીનો દંડ અથવા બંને

(D) 1 વર્ષ સુધીની કેદ અથવા 10,000 રૂપિયા સુધીનો દંડ અથવા બંને

233. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 મુજબ રાજ્ય નિરીક્ષણ બોર્ડની બેઠક કેટલા સમયગાળે મળશે ?

(A) 2 માસમાં ઓછામાં ઓછી 1 વખત

(B) 3 માસમાં ઓછામાં ઓછી 1 વખત

(C) 4 માસમાં ઓછામાં ઓછી 1 વખત

(D) 6 માસમાં ઓછામાં ઓછી 1 વખત

234. પૂર્વ ગર્ભધારણ અને પ્રસુતિ પૂર્વે ગર્ભ પરીક્ષણની રીતો (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, 1994 મુજબ નીચે પૈકી કોણ પોતાના હોદ્દાની રૂએ 'રાજ્ય નિરીક્ષણ બોર્ડ'ના અધ્યક્ષ રહેશે ?

(A) રાજ્યના મુખ્યમંત્રી

(B) રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(C) રાજ્યના સ્વાસ્થ્ય તથા કુટુંબ કલ્યાણ વિભાગના પ્રભારી સચિવ

(D) રાજ્યના સ્વાસ્થ્ય તથા કુટુંબ કલ્યાણ વિભાગના પ્રભારી મંત્રી

235. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરિટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કંટ્રોલ) એક્ટ, 1960 નીચે પૈકી કોને લાગુ પડશે ?

(A) શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ બોડીંગ હાઉસ

(B) સ્ત્રીઓ અને કન્યાઓના અનૈતિક વ્યાપાર અટકાયત અધિનિયમ, 1956 હેઠળ નોંધાયેલ રક્ષણાત્મક ગૃહને

(C) કોઈ શાળા દ્વારા સંચાલિત હોસ્ટેલ

(D) વિધવા ગૃહ

236. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરિટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કંટ્રોલ) એક્ટ, 1960 મુજબ માન્યતા પ્રાપ્ત ગૃહમાં સ્ત્રીઓ અને પુરુષો સાથે વસવાટ કરી શકે તેવી પરવાનગી માટે નિયંત્રણ બોર્ડની કાર્યવાહી નીચે પૈકી કઈ છે ?

(A) યોગ્ય કારણો નોંધીને શરતો અને નિયંત્રણોને આધીન, પરિસ્થિતિને અનુલક્ષીને પરવાનગી આપી શકે.

(B) પરવાનગી માટે કોઈ કારણો નોંધવાની કે શરતો મુકવાની જરૂર નથી.

(C) રાજ્યની વડી અદાલતનો આદેશ હોય તો જ નિયંત્રણ બોર્ડ પરવાનગી આપી શકે.

(D) નિયંત્રણ બોર્ડ સબંધિત ગૃહ/સંસ્થાની અરજી લઈ રાજ્ય સરકારની મંજૂરી માટે મોકલશે અને મંજૂરી મળ્યેથી જ પરવાનગી આપી શકશે.

237. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરિટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કંટ્રોલ) એક્ટ, 1960 મુજબ ફોજદારી કાર્યવાહી કરવા માટે નીચેના પૈકી કોની પૂર્વમંજૂરી લેવી પડશે ?

(A) નિયંત્રણ બોર્ડની

(B) રાજ્યની વડી અદાલતની

(C) ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની

(D) રાજ્ય સરકાર

238. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરિટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કંટ્રોલ) એક્ટ, 1960 નિયંત્રણ બોર્ડના કોઈ પણ સભ્યને પદ પરથી રાજીનામું આપવા માટે લેખિતમાં નોટીસ કોને આપવાની રહેશે ?

(A) નિયંત્રણ બોર્ડના અધ્યક્ષને

(B) રાજ્યના મુખ્ય સચિવને

(C) રાજ્ય સરકારને

(D) રાજ્યપાલને

239. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરિટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કંટ્રોલ) એક્ટ, 1960 હેઠળ રાજ્ય સરકારને નિયમો બનાવવવાની સત્તા આ કાયદાની કઈ કલમથી ઉપલબ્ધ છે ?

(A) કલમ 28
(B) કલમ 29
(C) કલમ 30
(D) કલમ 31

240. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરિટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કંટ્રોલ) એક્ટ, 1960 હેઠળ નિયંત્રણ બોર્ડમાં ખાલી પડેલી જગ્યા નીચે પૈકી કઈ રીતે પુરવામાં આવે છે ?

(A) નવી ચુંટણી અથવા નિમણૂક દ્વારા
(B) રાજ્યપાલ દ્વારા
(C) રાજ્યની વડી અદાલત દ્વારા
(D) જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

241. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરિટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કંટ્રોલ) એક્ટ, 1960ના અમલીકરણ પૂર્વેથી કોઈ વ્યક્તિ દ્વારા ગૃહ ચલાવવામાં આવતું હોય તો તેવા ગૃહને આ કાયદાના અમલની શરૂઆતથી પ્રમાણપત્ર મેળવવા માટે કેટલી મુદત મળશે ?

(A) 2 માસની મુદત
(B) 3 માસની મુદત
(C) 6 માસની મુદત
(D) 1 વર્ષની મુદત

242. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરિટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કંટ્રોલ) એક્ટ, 1960 હેઠળ માન્ય ગૃહોના સંચાલન સમિતિના ઠરાવથી માન્યગૃહનું પ્રમાણપત્ર પરત કરવા (Surrender) માટેની અરજી નીચે પૈકી કોણ કરી શકશે ?

(A) સંચાલન સમિતિના અધ્યક્ષ
(B) સંચાલન સમિતિના કારોબારી સભ્ય
(C) માન્ય ગૃહનાં મેનેજર
(D) કોઈ પણ સ્ત્રી કારોબારી સભ્ય

243. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 મુજબ "બાળક સુરક્ષા અને સિસ્ટમના સંપર્કમાં હોય ત્યારે કે પછી તેણે કોઈ નુકશાન, તિરસ્કાર કે ગેરવર્તણૂકનો સામનો કરવો નહિ પડે." આ બાબતનો સમાવેશ નીચે પૈકી કયા સિદ્ધાંતમાં સમાયેલો છે ?

(A) અભદ્ર અને અસભ્ય ઉચ્ચારણોના સિદ્ધાંત
(B) ભેદભાવ વિહીનતાનો સિદ્ધાંત
(C) સલામતીનો સિદ્ધાંત
(D) સહભાગિતાનો સિદ્ધાંત

244. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 મુજબ કિશોર ન્યાય બોર્ડમાં સામાજિક કાર્યકર સભ્ય પૈકી ઓછામાં ઓછા કેટલા કાર્યકર સ્ત્રી સભ્ય હશે ?

(A) 1
(B) 2
(C) 3
(D) 5

245. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 મુજબ જે બાળક જામીનનાં હુકમમાં જણાવેલ શરતોની પૂર્તતા કેટલા દિવસોમાં કરી શકે નહિ તેવા કિસ્સાઓમાં આવા બાળકને બોર્ડ સમક્ષ જામીનની શરતો સુધારવા માટે રજુ કરવામાં આવશે ?

(A) 7 દિવસોમાં
(B) 10 દિવસોમાં
(C) 15 દિવસોમાં
(D) 30 દિવસોમાં

246. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 અન્વયે અધમ ગુનાના કેસમાં પ્રાથમિક તપાસનો નિકાલ બોર્ડ સમક્ષ પ્રથમ વખત બાળકને રજુ કરાયેલ તારીખથી કેટલા માસમાં કરવામાં આવશે ?

(A) 1 માસમાં
(B) 2 માસમાં
(C) 3 માસમાં
(D) 6 માસમાં

247. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 મુજબ ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ બોર્ડ કે ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, બોર્ડ સમક્ષના પડતર કેસોનો પુનઃરાવલોકન (રીવ્યુ) કેટલા સમયાંતરે થશે ?

(A) દર માસે એક વખત
(B) દર બે માસે એક વખત
(C) દર ત્રણ માસે એક વખત
(D) દર છ માસે એક વખત

248. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 મુજબ અસ્તિત્વ ધરાવતી બાળ સંભાળ સંસ્થાની કામગીરીની અને કલ્યાણની તપાસ માટે કરવામાં આવેલ બાળ કલ્યાણ સમિતિની મુલાકાતને શું ગણવામાં આવશે ?

(A) ખાસ તપાસ
(B) ઓચિંતી તપાસ
(C) વહીવટી અન્વેષણ
(D) સમિતિની બેઠક

249. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 મુજબ છ વર્ષથી ઓછી ઉંમરના અનાથ, સોંપાયેલા અથવા ત્યજી દેવાયેલા હોવાનું જણાતું હોય તેવા બાળકોને ક્યાં રાખવામાં આવશે ?

(A) ફોસ્ટર કેર યુનીટમાં
(B) વિશેષ દત્તક અધિગ્રહણ એજન્સીમાં
(C) હોસ્પિટલ કે જ્યાં નર્સ ઉપલબ્ધ હોય ત્યાં
(D) અવલોકન ગૃહોમાં

250. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 મુજબ સમાજ આધારિત રહેઠાણની સહાયતાની જરૂરીયાતવાળા બાળકોને ટૂંકા ગાળાની સગવડ આપવા, તેમણે અત્યાચારથી રક્ષણ આપવા તથા શેરીઓમાંના રખડુ જીવનથી બચાવવાના હેતુસર રાજ્ય સરકાર અથવા સંગઠનો દ્વારા નીચે પૈકી શેનું ગઠન કરવામાં આવશે ?

(A) મુક્ત આશ્રય સ્થાનો
(B) અવલોકન ગૃહોનું
(C) બાળ વિશેષ ગૃહોનું
(D) ઉપરોક્ત તમામ

251. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 મુજબ આ અધિનિયમની કોઈ પણ જોગવાઈઓ નીચે પૈકીના કયા કાયદાથી થતા બાળકનાં દત્તક અધિગ્રહણ ને લાગુ પડશે નહિ ?

(A) હિંદુ દત્તકવિધાન અધિનિયમ, 1958
(B) હિંદુ દત્તકવિધાન અને બાળદત્તક વિધાન ધારા, 1972
(C) હિંદુ દત્તકવિધાન અને ભરણપોષણ અધિનિયમ, 1956
(D) હિંદુ દત્તકવિધાન અને બાળકલ્યાણ અધિનિયમ, 1958

252. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 અન્વયે દત્તક અધિગ્રહણ માટે ચુકવણાં વિરુદ્ધની કોર્ટ કાર્યરીતિઓ અને દંડના કેસોનો નિકાલ કેસ દાખલ થયાની તારીખથી કેટલા સમયગાળામાં કરવામાં આવશે ?

(A) 1 માસમાં
(B) 2 માસમાં
(C) 3 માસમાં
(D) 6 માસમાં

253. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 અન્વયે કાયદા સાથે સંઘર્ષમાં હોય તેવા નાસી છુટેલા બાળક અંગે બોર્ડ નીચે પૈકી શું સજા કરશે ?

(A) બાળકની સજા બમણી કરવામાં આવશે
(B) બાળકને સજા વધુ સખ્ત અને કડક કરવામાં આવશે
(C) બાળકના સંબંધમાં વધારાની કોઈ જ કાર્યવાહીઓ થશે નહિ
(D) બાળકને સબંધિત પોલીસ અધિકારી બે માસ સુધી જાપ્તામાં રાખશે

254. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 મુજબ તબીબ દ્વારા અપંગ હોવાનું પ્રમાણિત કરેલ હોય તેવા બાળકો ઉપર ગુનો આચરનારને નીચે પૈકી કેવી સજા લાગુ પડશે ?

(A) ગુનેગારની સજામાં એક વર્ષનો વધારો થશે

(B) ગુનેગાર સજાની જોગવાઈથી બેવડા દંડને પાત્ર ઠરશે

(C) ગુનેગારની સજા ઉપરાંત રૂ. એક લાખ સુધીનો દંડ થશે.

(D) ગુનેગારને ન્યુનત્તમ ત્રણ વર્ષની સખત કેદની સજા થશે.

255. કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 મુજબ "જુવેનાઇલ ન્યાય ભંડોળ"ની રચના નીચે પૈકી કોની ઈચ્છા પર આધારિત છે ?

(A) રાજ્ય સરકાર

(B) રાજ્ય બાળ સુરક્ષા સોસાયટી

(C) જીલ્લા બાળ સુરક્ષા એકમ

(D) જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ

256. કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, 1987 મુજબ કોઈ પણ પક્ષકાર, અન્ય સાથેની તકરારનાં નિરાકરણ માટે નીચે પૈકી કયા સંજોગોમાં કાયમી લોક અદાલતમાં અરજી કરી શકશે ?

(A) માંડવાળ કરી ન શકાય તેવા ફોજદારી ગુનાઓ

(B) જે કેસોમાં તકરારની વિષયવસ્તુની કિંમત પચીસ લાખથી વધુ હોય

(C) જે કેસો પહેલાથી જ અદાલતમાં દાખલ થયેલા હોય

(D) કોઈ મહિલા તેનાં પતિથી અલગ રહેતી હોઈ માસિક ભરણ-પોષણ મેળવવા અંગેની બાબત માટે

256. કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, 1987 અન્વયે નીચે પૈકી કોણ કાયમી લોક અદાલતના એવોર્ડ સામે કઈ અદાલતમાં અરજી થઈ શકે ?

(A) જિલ્લા અદાલતમાં કે સીટી સિવિલ કોર્ટમાં

(B) સિવિલ જજ સીનીયર ડીવીઝનની અદાલતમાં કે સ્મોલ કોઝીસ અદાલતમાં

(C) કાયમી લોક અદાલતનો એવોર્ડ આખરી અને પક્ષકારોને બંધનકર્તા ગણાશે

(D) નેશનલ લીગલ સર્વિસ એથોરીટી

258. કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, 1987 મુજબ મળતી મફત કાનૂની સહાયનો ઉલ્લેખ બંધારણના કયા અનુચ્છેદમાં જોવા મળે છે ?

(A) 15(a)

(B) 30(a)

(C) 39(a)

(D) 44(a)

259. કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, 1987 અન્વયે "રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ"ના પેટ્રોન-ઈન-ચીફ કોણ રહેશે ?

(A) રાજ્યની વડી અદાલતના નિવૃત્ત ન્યાયાધિશ

(B) રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(C) સીનીયર ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ

(D) રાજ્યના ગૃહ સચિવ

260. ગુજરાત રાજ્ય સરકાર માટે "ગુજરાત રાજ્ય મહિલા આયોગ"ની રચના કરવી એ .......... છે.

(A) ફરજીયાત

(B) હિતાવહ

(C) મરજિયાત

(D) કેન્દ્ર સરકારની મંજૂરીને આધીન છે.

261. ગુજરાત રાજ્ય મહિલા આયોગમાં અધ્યક્ષ અને પોતાના હોદ્દાની રૂ એ નિમાયેલ હોય તે સિવાયના સભ્યો કેટલી મૂદત સુધી હોદ્દો ધારણ કરી શકશે ?

(A) 1 વર્ષ

(B) 2 વર્ષ

(C) 3 વર્ષ

(D) 5 વર્ષ

262. ગુજરાત રાજ્ય મહિલા આયોગના કોઈ સભ્ય પોતાનું રાજીનામું આપવા ઈચ્છે ત્યારે તેણે પોતાની સહીથી લેખિતમાં કોને સંબોધીને તેના હોદ્દાનું રાજીનામું આપવું પડશે ?

(A) અધ્યક્ષને
(B) રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશને
(C) કેન્દ્ર સરકારને
(D) રાજ્ય સરકારને

263. ગુજરાત રાજ્ય મહિલા આયોગમાં કોઈ જગ્યા ખાલી પડેલ હોય કે આયોગની રચનામાં ક્ષતિ હોય તો તેની આયોગના નિર્ણયો પર શું અસર પડશે ?

(A) આયોગે લીધેલ નિર્ણયો રદબાતલ ગણાશે.
(B) આયોગે લીધેલ નિર્ણયો કાયદેસર ગણાશે અને તેની સામે કોઈ પ્રશ્ન કરી નહી શકાય.
(C) આયોગે લીધેલ નિર્ણયોનું જગ્યા ભરતા કે ક્ષતિપૂર્તિ થયેથી પુનઃ સમીક્ષા કરશે.
(D) આયોગે લીધેલ નિર્ણયોની યથાર્થતા વડી અદાલત ચકાસી શકશે.

264. ગુજરાત રાજ્ય મહિલા આયોગે કોઈપણ કામ કરવા માટે કે કોઈ ખાસ મુદ્દા માટે રચેલી 'તદર્થ સમિતિ' (Ad-hoc Committee)ની બેઠક કેટલા સમયાંતરે મળશે ?

(A) અધ્યક્ષને યોગ્ય લાગે તેટલા સમયાંતરે
(B) દર છ માસે
(C) દર ત્રણ માસે
(D) દર ચાર માસે

265. રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષની હોદ્દાની મુદત વધુમાં વધુ કેટલી રહેશે ?

(A) 7 વર્ષથી વધુ નહી તેવી, કેન્દ્ર સરકાર ઈચ્છે તેટલી
(B) 5 વર્ષ
(C) 4 વર્ષ
(D) 3 વર્ષ

266. રાષ્ટ્રીય મહિલા આયોગ પંચ દ્વારા હાથ ધરાયેલા ખાસ મુદ્દાઓ માટે નીચે જણાવ્યા પૈકીની કેટલી સંખ્યામાં સમિતિઓ નીમવાની સત્તા ધરાવે છે ?

(A) વધુ માં વધુ 3
(B) વધુ માં વધુ 5
(C) વધુ માં વધુ 10
(D) જરૂરી જણાય તેટલી

267. રાષ્ટ્રીય મહિલા આયોગનો વાર્ષિક અહેવાલ રજુ થયેથી ત્વરિત જ કેન્દ્ર સરકાર, વાર્ષિક અહેવાલ, તેની ભલામણો પર લેવાયેલ પગલાઓ સહીત નીચે પૈકી કોની સમક્ષ મુકશે ?

(A) લોકસભા સમક્ષ
(B) રાજ્યસભા સમક્ષ
(C) લોકસભા તથા રાજયસભા સમક્ષ
(D) સર્વોચ્ચ અદાલત સમક્ષ

268. રાષ્ટ્રીય મહિલા આયોગમાં સભ્યમંત્રી (Member Secretary)ની નિમણુંક કોણ કરશે ?

(A) કેન્દ્ર સરકાર
(B) રાષ્ટ્રપતિ
(C) ઉપ રાષ્ટ્રપતિ
(D) સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ

269. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ સંદર્ભે નીચે પૈકી કેવી ફરિયાદો પર આયોગ દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવશે નહિ ?

(A) સ્ત્રીઓના ગુનાઓની બાબતોની ફરિયાદો
(B) ન્યાયાધીન હોય તેવી બાબતોની ફરિયાદો
(C) માનવ અધિકાર ભંગનો બનાવ બન્યાના એક માસ બાદની ફરિયાદો
(D) પોલીસ કસ્ટડીમાં થયેલ માનવ અધિકાર ભંગ અંગેના આક્ષેપોની બાબતો

270. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ દ્વારા માનવ અધિકાર ભંગની ફરિયાદો માટે ફરિયાદ દીઠ કેટલી ફી લેવામાં આવે છે ?

(A) 10 રૂપિયા
(B) 100 રૂપિયા
(C) સ્ત્રીઓ માટે 1 રૂપિયો
(D) કોઈ ફી લેવામાં આવતી નથી

271. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ માનવ અધિકાર ભંગ બાબતે ફરિયાદ મળ્યેથી આયોગ ફરિયાદ દાખલ કરવાના હેતુસર રચાયેલી સમિતિ સમક્ષ કેટલા સમયમાં ફરિયાદ દાખલ કરવા માટે મુકશે ?

(A) ફરીયાદ મળ્યેથી બે અઠવાડીયાની અંદર
(B) ફરીયાદ મળ્યેથી ત્રણ અઠવાડીયાની અંદર
(C) ફરીયાદ મળ્યેથી 10 દિવસની અંદર
(D) ફરીયાદ મળ્યેથી 12 દિવસની અંદર

272. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ નીચે પૈકી કોણ છે ?

(A) જસ્ટીસ કે. જી. બાલાક્રિશ્નન
(B) જસ્ટીસ રંજન ગોગોઈ
(C) જસ્ટીસ એચ. એલ. દત્તુ
(D) જસ્ટીસ ચેલમેશ્વર

273. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગનાં અધ્યક્ષ અને સભ્યોની નિમણુંક કરવા બાબતની સમિતિમાં નીચે પૈકી કોણ સભ્ય તરીકે રહેશે ?

(A) લોકસભાના અધ્યક્ષ
(B) રાજ્યસભાના ઉપાધ્યક્ષ
(C) લોકસભાના વિરોધ પક્ષના નેતા
(D) ઉપરોક્ત પૈકી તમામ

274. ભારતીય ફોજદારી ધારા, 1860 અન્વયે પરણિત સ્ત્રી હોવાનું માનવાને કારણ હોય તેને તેના પતિ પાસેથી લગ્ન બાહ્ય સંભોગના ઈરાદાથી ભગાડી જાય તેવી વ્યક્તિ નીચે પૈકી કઈ કલમ હેઠળ ગુનેગાર બનશે ?

(A) કલમ 498
(B) કલમ 497
(C) કલમ 496
(D) કલમ 495

275. ભારતીય ફોજદારી ધારા, 1860 મુજબ કલમ 376 હેઠળનાં તમામ ગુનાઓ માટે અદાલત દવારા લદાયેલ દંડની રકમ નીચે પૈકી કોને ચૂકવવામાં આવશે ?

(A) જે અદાલત સમક્ષ કેસ ચાલતો હોય તે અદાલતને
(B) ગુનાનો ભોગ બનનારને (પીડીતને)
(C) રાજ્ય સરકારને
(D) અદાલતના કાનૂની સહાય વિભાગને

276. ભારતીય ફોજદારી ધારા, 1860ની કઈ કલમ અન્વયે બાર વર્ષથી ઓછી ઉંમરની છોકરી પર બળાત્કાર માટેની સજા નવી દાખલ કરવામાં આવેલ છે ?

(A) 376 E
(B) 376 DB
(C) 376 AB
(D) 376 DA

277. ભારતીય ફોજદારી ધારા, 1860ની નીચે પૈકીની કઈ કલમ હેઠળ 16 વર્ષથી નીચેની ઉંમરની છોકરી પર સામુહિક બળાત્કાર (ગેંગરેપ) માટેની સજાની જોગવાઈઓનો નીચે પૈકી કઈ કલમ માં સમાવેશ કરવામાં આવશે ?

(A) 376 DA
(B) 376 DB
(C) 376 DC
(D) 376 E

278. ભારતીય ફોજદારી ધારા, 1860ની કલમ 354-D પ્રમાણે ખાનગી રાહે પીછો કરવો (સ્ટોકીંગ) એટલે કોઈ સ્ત્રીની સ્પષ્ટ અનિચ્છા હોવા છતાં કોઈ પુરુષ તે ..........

(A) સ્ત્રીનો પીછો કરે અને સંપર્ક કરે કે વારંવાર તેવો પ્રયત્ન કરે .

(B) સ્ત્રી દ્વારા વપરાતાં ઈન્ટરનેટ, ઈ-મેલ કે કોઈ અન્ય ઈલેક્ટ્રોનિક સ્વરૂપના ઉપયોગની દેખરેખ રાખે

(C) સ્ત્રીને તેણીના મોબાઈલ પર વોટ્સ એપ નંબર પર સતત મેસેજ મોકલે

(D) ઉપરોક્ત તમામ

279. ભારતીય ફોજદારી ધારા, 1860 અન્વયે એસીડ વગેરેના ઉપયોગ કરી સ્વેચ્છાએ મહાવ્યથા પહોંચાડવી તે નીચે પૈકી કઈ સજાને પાત્ર બને છે ?

(A) ગમે તે પ્રકારની 7 વર્ષથી ઓછી નહિ તેવી પરંતુ આજીવન કેદ સુધીની સજા અને દંડ

(B) ગમે તે પ્રકારની 10 વર્ષથી ઓછી નહિ પરંતુ આજીવન કેદ સુધીની સજા અને દંડ

(C) 3 વર્ષની સખત કેદની સજા અને દંડ

(D) 5 વર્ષની સખત કેદની સજા અને દંડ

280. ફોજદારી કાર્યરીતી સંહિતા, 1973 અન્વયે કલમ 125 મુજબના પતિ વિરુદ્ધના ભરણપોષણના હુકમને અદાલત કયા સંજોગોમાં રદ કરી શકે ?

(A) પતિના પુનઃલગ્નથી

(B) પત્નીનાં પુનઃલગ્નથી

(C) પત્ની પર વ્યભિચારના આક્ષેપથી

(D) પતિના છુટાછેડાથી

281. ફોજદારી કાર્યરીતી સંહિતા, 1973 હેઠળ નીચે પૈકી કોણ ભરણપોષણ મેળવવાને પાત્ર નથી ?

(A) પત્ની અને બાળકો

(B) પિતા અને અનૌરસ બાળકો

(C) પરિણીત પુત્રી

(D) ઉપર પૈકી તમામ

282. અભયમ મહિલા હેલ્પલાઈન - 181 માં નીચે પૈકી કઈ બાબતો માટે મદદ / માર્ગદર્શન સેવાઓ પૂરી પાડવામાં આવે છે ?

(A) કાર્યના સ્થળે સ્ત્રીની જાતીય સતામણી

(B) જાતીય તેમજ બાળજન્મને લગતી બાબતો

(C) મહિલા સશક્તિકરણ માટેની યોજનાઓ ને લગતી માહિતી

(D) ઉપરોક્ત પૈકી તમામ બાબતો

283. અભયમ મહિલા હેલ્પલાઈન -181નાં અમલમાં પ્રોટોકોલ તેમજ તાલીમ મોડ્યુલ તૈયાર કરવામાં નીચે પૈકી કોણ સહભાગી છે ?

(A) GVK-EMRI

(B) તાતા ઈન્સ્ટીટયુટ ઓફ સોશિયલ સાયન્સ

(C) જેન્ડર રિસોર્સ સેન્ટર

(D) ઉપરોક્ત તમામ

284. બળાત્કારનો ભોગ બનેલી મહિલાઓને આર્થિક સહાયનાં હેતુસર સામાન્ય સંજોગોમાં પીડિતાને જીલ્લા બોર્ડ દ્વારા કેટલી રકમ સુધીનું વળતર મળે છે ?

(A) 1 લાખ

(B) 2 લાખ

(C) 3 લાખ

(D) 5 લાખ

285. વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના અન્વયે નીચે પૈકી કઈ સહાય પ્રાપ્ત થઈ શકે છે ?

(A) કાનૂની સહાય તથા માર્ગદર્શન

(B) રોજગારી માટે તાલીમ

(C) સરકારી યોજનાઓની માહિતી

(D) ઉપરોક્ત તમામ

286. વિવિધ પ્રકારની હિંસાથી પીડિત મહિલાને તાત્કાલિક તમામ પ્રકારની સહાય પુરી પાડવા માટે નીચે પૈકી કઈ યોજના અનુરૂપ છે ?

(A) વન સ્ટોપ સેન્ટર "સખી યોજના"

(B) કિશોરી શક્તિ યોજના

(C) નારી અદાલત યોજના

(D) નારી ઉત્થાન યોજના

287. ઉજ્જવલા પ્રોજેક્ટ નીચે પૈકી કઈ બાબતોની સહાય માટે અનુરૂપ છે ?

(A) વીજળી ઉત્પાદન તથા વિતરણ

(B) સ્ત્રીઓના શિક્ષણ તથા રોજગાર

(C) મહિલા તથા બાળકોનું ગેરકાયદે જાતીય શોષણ

(D) સ્ત્રીઓમાં રહેલ લોહતત્વ ની ઉણપ

288. વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના અન્વયે આ યોજનાનો લાભ લેવા નીચે પૈકી આવકની કઈ મર્યાદા છે ?

(A) વાર્ષિક 30,000 રૂપિયા સુધીની
(B) વાર્ષિક 40,000 રૂપિયા સુધીની
(C) વાર્ષિક 50,000 રૂપિયા સુધીની
(D) આવકની કોઈ મર્યાદા નથી

289. વિધવા સહાય પેન્શન યોજના હેઠળ વિધવા સહાય મેળવવા બાબતની અરજી નીચે પૈકી કોની સમક્ષ રજુ કરવામાં આવે છે ?

(A) પ્રાંત અધિકારી
(B) મામલતદાર
(C) તલાટી
(D) ડેપ્યુટી કલેક્ટર

290. વિધવા સહાય પેન્શન યોજના હેઠળ વિધવા સહાય મેળવવા લાભાર્થી અરજદારે પુનઃલગ્ન કરેલ નથી તે બાબત અંગેનું નીચે પૈકી કયા પ્રકારનુંતલાટીની રૂબરૂમાં કરાવેલું પ્રમાણપત્ર રજુ કરવું પડશે ?

(A) દરવર્ષે કરાવેલ પ્રમાણપત્ર
(B) દર એપ્રિલ માસમાં કરાવેલ પ્રમાણપત્ર
(C) દર વર્ષે જુલાઈ માસમાં કરાવેલ પ્રમાણપત્ર
(D) તલાટીની રૂબરૂમાં ન થઇ શકે

291. વર્કિંગ વિમેન હોસ્ટેલ યોજના સંદર્ભે લાભાર્થી સાથેનીચે પૈકી કોણ છાત્રાલયમાં રહી શકે છે ?

(A) લાભાર્થીના 10 વર્ષની વય સુધીના છોકરાઓ
(B) લાભાર્થીની 18 વર્ષની વય સુધીની છોકરીઓ
(C) લાભાર્થીના 60 વર્ષની વયથી ઉપરના વાલી
(D) ઉપરોક્ત તમામ

292. "બેટી બચાવો, બેટી પઢાવો" યોજના સંદર્ભે લક્ષિત જૂથ-3માં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

(A) નવ દંપતી યુગલ જૂથ
(B) સગર્ભા જૂથ
(C) નર્સીંગહોમ જૂથ
(D) મહિલા સ્વસહાય જૂથ

293. "બેટી બચાવો, બેટી પઢાવો" યોજના અંતર્ગત "રાજ્ય ટાસ્ક ફોર્સ કમીટી" કેટલા સમયગાળે મળશે ?

(A) દર માસે બે વખત
(B) દર બે માસે બે વખત
(C) દર છ માસે બે વખત
(D) દર વર્ષે બે વખત

294. "બેટી બચાવો, બેટી પઢાવો" યોજના બાબતે જીલ્લા અને તાલુકા કર્મચારીઓનું ક્ષમતાવર્ધન અને તાલીમનું આયોજન નીચે પૈકી કોના દ્વારા કરવામાં આવશે ?

(A) જેન્ડર રિસોર્સ સેન્ટર
(B) તાતા ઈન્સ્ટીટયુટ ઓફ સોશિયલ સાયન્સ
(C) ગુજરાત રાજ્ય પ્રાદેશિક તાલીમ સંસ્થાન
(D) મહિલા વિકાસ તાલીમ સંસ્થાન

295. "સખી" વન સ્ટોપ સેન્ટર યોજના સંદર્ભે જીલ્લા કક્ષાની મોનીટરીંગ કમિટીમાં નીચે પૈકી કોણ "સભ્ય સચિવ" રહેશે ?

(A) જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી
(B) દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી
(C) સચિવ શ્રી - જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ
(D) જીલ્લા કલેક્ટર શ્રી

296. "વ્હાલી દીકરી" યોજનાનો શુભારંભ ક્યારે અને ક્યાંથી કરવામાં આવ્યો ?

(A) 01.08.2019 થી રાજકોટ ખાતેથી
(B) 02.08.2019 થી રાજકોટ ખાતેથી
(C) 01.09.2019 થી ગાંધીનગર ખાતેથી
(D) 02.09.2019 થી ગાંધીનગર ખાતેથી

297. જો કોઈ વ્યક્તિ, એ જાણવા છતાં કે કોઈ 18 વર્ષથી ઓછી વયની સગીરાને અન્ય વ્યક્તિ સાથે ગેરકાયદેસર શારીરિક સંબંધ માટે ફરજ પાડવામાં આવશે, તેણીને કોઈ સ્થળેથી જવા માટે પ્રેરે તો આ વ્યક્તિને ભારતીય ફોજદારી ધારા, 1860 હેઠળ નીચેના પૈકી કઈ સજા થઇ શકે ?

(A) દસ વર્ષ સુધીની કેદની સજા અને દંડ
(B) સાત વર્ષ સુધીની કેદની સજા અને દંડ
(C) પાંચ વર્ષ સુધીની કેદની સજા અને દંડ
(D) ત્રણ વર્ષ સુધીની કેદની સજા અને દંડ

298. જો કોઈ પરણિત સ્ત્રીનું દાઝવાથી, શારીરિક ઈજાથી કે અકુદરતી સંજોગોમાં લગ્નના કેટલા વર્ષ સુધીમાં મૃત્યુ થયેલ હોય અને મૃત્યુના તરત જ પહેલા દહેજની માંગણી પતિ કે તેનાં સગાઓ દ્વારા થયેલ તો આ મૃત્યુને ભારતીય ફોજદારી ધારા, 1860 અન્વયે "દહેજ મૃત્યુ" થયેલું માનવામાં આવશે ?

(A) 7 વર્ષ
(B) 10 વર્ષ
(C) 5 વર્ષ
(D) 12 વર્ષ

299. એક પુરુષ ચોરી-છુપીથી પોતાના મોબાઈલમાં, મોલના ટ્રાયલ રૂમમાં કપડા બદલતી સ્ત્રીના ફોટા પાડે છે. જો આ પુરુષનું આ પ્રથમ જ કૃત્ય હોય તો તેણે ભારતીય ફોજદારી ધારા, 1860 હેઠળ કયો ગુનો કર્યો ગણાય અને તેની કેટલી સજા થઈ શકે ?

(A) વોયેરીઝમ, ઓછામાં ઓછી 3 અને વધુમાં વધુ 7 વર્ષની કેદની સજા અને દંડ

(B) સ્ટોકીંગ, 3 વર્ષ સુધીની કેદની સજા અને દંડ

(C) વોયેરીઝમ, ઓછામાં ઓછી 1 અને વધુમાં વધુ 3 વર્ષની કેદની સજા અને દંડ

(D) સ્ટોકીંગ, 5 વર્ષ સુધીની કેદની સજા અને દંડ

300. ભારતીય બંધારણનાં કયા અનુચ્છેદથી રાજ્યને સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ જોગવાઈઓ કરવાની સત્તા રહેલી છે ?

(A) 15(4)
(B) 15(1)
(C) 15(2)
(D) 15(3)